Extra No. 223 વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## PUBLISHED BY AUTHORITY

Vol. LVI ] MONDAY, DECEMBER 21, 2015/AGRAHAYANA 30, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **મહિલા અને બાળ વિકાસ વિભાગ** - ના તારીખ: **૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૨૦૧૫ (૨) આઈસીડી/૧૦૨૦૧૩-૧૬૪૧/બી** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Deputy Director, Class I, in the Gujarat Integrated Child Development Service, Recruitment Rules, 2015.**

**ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.**

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએસ/ ૨૦૧૫ (૨) આઇસીડી- ૧૦૨૦૧૩-૬૪૧-બી:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. મહિલા અને બાળ વિકાસ કમિશનર, ગુજરાત રાજ્યની કચેરી હેઠળની ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી હેઠળની સેવામાં, મહિલા અને બાળ અધિકારી, વર્ગ-૧/ કાર્યક્રમ (પ્રોગ્રામ) અધિકારી, વર્ગ ૧/ મદદનીશ નિયામક, વર્ગ ૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યકિતઓમાંથી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય જણાતી "ખૂબ સારા" ની આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યકિતની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા- ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે, અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સમાજશાસ્ત્ર અથવા સમાજવિજ્ઞાન અથવા ગૃહવિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) (૧) મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી હેઠળની ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવામાં, બાળ વિકાસ પરિયોજના અધિકારી, વર્ગ ૨–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવામાં, બાળ વિકાસ પરિયોજના અધિકારી, વર્ગ ૨–ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો સરકારમાં અથવા સ્વૈચ્છિક અથવા બિન–સરકારી સંગઠન અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા સ્થાનિક મંડળોમાં, બાળ વિકાસ અથવા બાળ આરોગ્ય અથવા પોષણ અથવા આરોગ્ય શિક્ષણના ક્ષેત્રનો આશરે પાંચ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ–સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે વખતોવખત ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**અંજના ક્રિશ્ચિયન,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.